દાખલ તારીખ : ૨૦/૦૬/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૨૦/૦૬/૨૦૨૨
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સમયગાળો :વર્ષ–માસ–દિવસ
૦૩– ૦૮ – ૧૫

# રાધનપુર ના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટ માં. મુ.રાધનપુર

ફોજદારી કેસ નં.૧૦૨૯/૨૦૨૨
**આંક : ૬૬**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** શંકરભાઈ વાલાભાઈ ઠાકોર, ઉ.વ.૪૫,
રહે.ગામડી વિસ્તાર મોરવાડા, તા.સુઈગામ,
જી.બનાસકાંઠા.

**ગુન્હો : ઈ.પી.કોડ ની કલમ ૨૭૯,૩૦૪(અ)તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪, ૩, ૧૮૧, ૧૯૬ મુજબ**

ફરીયાદીપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપી તરફે વિ.વકીલ શ્રી એલ.પી.ઠાકોર

## ઠ રા વ

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંક માં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના ભાઈ જગદીશભાઈ લીલાભાઈ ઠાકોર પોતાની ઈકકો ગાડી નંબર GJ-24-AA-1573 ની લઈ ઘરે થી નિકળેલ હતા અને ગઈ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ રાત્રી ના આશરે આઠેક વાગ્યા ના અરસા માં ભીલોટ પાટીયા થી લીમ્બડકા જતા રોડ પર પહોંચતા એક અશોક લેલન કંપની નું ડાલુ જેનો રજી.નંબર GJ-08-AU-3742 ના ચાલક આ કામના આરોપીએ પોતાનું ડાલુ પુરઝડપે અને ગફ–લત ભરી રીતે ચલાવી આવી ઈકકો ગાડીને ટકકર મારી અકસ્માત કરતા જેથી ઈકકો ગાડી માં આગ લાગતા ઈકકો ગાડી ના ચાલક જગદિશભાઈ લીલાભાઈ ઠાકોર નું આગ લાગવાથી મૃત્યુ નિપજાવી ડાલુ મુકી નાશી જઈ પો.સ્ટે. જાણ નહી કરી ગુનો કરેલ, તે મતલબ ની ફરીયાદી એ આરોપી વિરૂધ્ધ રાધનપુર પોલીસ માં ફરીયાદ આપતા રાધનપુર પોલીસ સ્ટેશન ગુન્હા રજી.

નં.૧૧૨૧૭૦૨૭૨૨૦૩૯૯/૨૦૨૨ થી ગુન્હો નોંધી તપાસ કરનાર અમલદારે તપાસ કરી ઈ.પી. કોડની કલમ ૨૭૯,૩૦૪(અ)તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪,૩,૧૮૧,૧૯૬ મુજબ ના શિક્ષાપાત્ર ગુનાનું આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીને ધારા ધોરણસર પ્રોસેસની બજવણી થતા આ કામના આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. અમારા પુરોગામી વિ.મેજીસ્ટ્રેટ શ્રીએ આ કામના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ ની કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૯૬ મુજબ ના ગુના અંગેની પ્લી લીધેલ નથી અને પુરાવો નોંધવાનુ શરુ કરી દીધેલ છે જેથી આરોપી ની પ્લી જજમેન્ટ ના સ્ટેજે નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હા નો ઈન્કાર કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| **અનુ.** | **નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી નાનજીભાઈ લીલાભાઈ નિ.ઠાકોરની જુબાની | ૦૯ |
| ૨ | પંચ સાહેદ વિષ્ણુભાઈ રઘુભાઈ ઠાકોરની જુબાની | ૧૩ |
| ૩ | સાહેદ ઈશ્વરભાઈ મફાભાઈ પ્રજાપતિની જુબાની | ૨૧ |
| ૪ | પંચ સાહેદ શંકરભાઈ મનજીભાઈ નિ.ઠાકોરની જુબાની | ૨૬ |
| ૫ | સાહેદ વજાભાઈ રણ છોડભાઈ પટેલની જુબાની | ૨૮ |
| ૬ | સાહેદ ભરતસિંહ લક્ષ્મણ સિંહ વાઘેલાની જુબાની | ૨૯ |
| ૭ | સાહેદ નટવરભાઈ દલસુખરામ વ્યાસની જુબાની | ૩૬ |
| ૮ | સાહેદ ભીખાભાઈ લીલાભાઈ ઠાકોરની જુબાની | ૩૮ |
| ૯ | સાહેદ સીતાબેન લીલાભાઈ ઠાકોરની જુબાની | ૩૯ |
| ૧૦ | સાહેદ પારૂબેન નાનજીભાઈ ઠાકોરની જુબાની | ૪૦ |
| ૧૧ | સાહેદ ગલાલબેન પોપટભાઈ ઠાકોરની જુબાની | ૪૧ |
| ૧૨ | સાહેદ સંગીતાબેન ભીખાભાઈ ઠાકોરની જુબાની | ૪૨ |
| ૧૩ | સાહેદ પોપટભાઈ લીલાભાઈ ઠાકોરની જુબાની | ૪૩ |
| ૧૪ | સાહેદ રેખાબેન જગદીશભાઈ ઠાકોરની જુબાની | ૪૮ |
| ૧૫ | ત.ક.અધિકારી હિતેશકુમાર વાઘાભાઈ ચૌધરીની જુબાની | ૫૩ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| ૩ | રવાનગી પત્રક | ૫૪ |
| ૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૫૫ |
| ૫ | વિઝીટ રીપોર્ટ | ૫૬,૫૭ |
| ૬ | જોઈન્ટ રીપોર્ટ ફોર્મ | ૫૮ |
| ૭ | મરણ જનાર જગદીશભાઈ લીલાભાઈ ઠાકોરનો પી.એમ. રીપોર્ટ | ૫૯ |
| ૮ | ડેપ્યુટ હુકમ | ૬૦ |
| ૯ | મેડીકલ સર્ટીફીકેટ | ૫૧, ૬૧ |
| ૧૦ | એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મ | ૫૦,૬૨, ૬૩ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા, રજુ થયેલ પુરાવાના આધારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો નકારી ખોટો કેસ કરેલાનું જણાવેલ છે. ત્યાર બાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલ શ્રી ની દલીલો સાંભળી. આમ, આ કેસના ન્યાયિક નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**॥ મુદ્દા ॥**

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના ભાઈ જગદીશભાઈ લીલાભાઈ ઠાકોરનાઓ પોતાની ઈકકો ગાડી નંબર GJ-24-AA-1573 ની લઈ ઘરેથી નિકળેલ હતા અને ગઈ તા.૨૪/૩/૨૦૨૨ ના રોજ રાત્રી ના આશરે આઠેક વાગ્યા ના અરસા માં ભીલોટ પાટીયા થી લીમ્બડકા જતા રોડ પર પહોંચતા એક અશોક લેલન કંપની નું ડાલુ |

| | |
|---|---|
| | જેનો રજી નંબર GJ-08-AU-3742 ના ચાલક આ કામના આરોપી એ પોતાનું ડાલુ પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી આવી ઈકકો ગાડી ને ટકકર મારી અકસ્માત કરતા જેથી ઈકકો ગાડીમાં આગ લાગતા ઈકકો ગાડી ના ચાલક જગદિશભાઈ લીલાભાઈ ઠાકોર નું આગ લાગવા થી મૃત્યુ નિપજાવી ડાલુ મુકી નાશી જઈ પો.સ્ટે. જાણ નહી કરી,આરોપીએ ઈ.પી. કોડ ની કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪, ૧૩૪, ૩,૧૮૧,૧૯૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૫) ઉપરોકત મુદ્દા અન્વયેના મારા નિર્ણય કારણ સહીત નીચે મુજબ છે.

૧. નકાર માં,

૨. આખરી હુકમ મુજબ.

<u>**કારણો**</u>

<u>**મુદ્દા નં.૧**</u> **:–**

(૬) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, **સાહેદ નં.૧** તરીકે ફરીયાદી નાનજીભાઈ લીલાભાઈ નિ.ઠાકોર ને આંક ૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પુરાવા માં જણાવેલ છે કે, તેઓએ એલ.એલ.બી. સુધી અભ્યાસ કરેલો છે. તેઓ ચાર ભાઈઓ છે. સૌથી મોટા પોતે છે, તેઓનાથી નાના પોપટભાઈ, તેનાથી નાના ભીખાભાઈ તથા તેનાથી નાના મરણ જનાર જગદીશભાઈ છે. તેઓને એક બહેન છે જે સૌથી નાની છે જેનું નામ ચંદ્રીકાબેન છે. તેઓ પરણીત છે, તેઓને ત્રણ બાળકો છે. જેમાં સૌથી મોટી શિલ્પા, તેનાથી નાની જાગૃતિ અને તેનાથી નાનો દિકરો ધવલ છે. તેઓના ભાઈ જગદીશભાઈ ડ્રાઈવીંગનું કામ કરતા હતા. તે ઈકકો ગાડી ચલાવતા હતા. તે ઈકકો ગાડી હારીજ તાલુકાના વાઘેલ ગામના નટવરભાઈ ની હતી તેમાં નોકરી કરતા હતા. આ ઈકકો ગાડીનો નં.જી.જે. ૨૪ એલ.એલ.૧૫૭૩ હતો. તેઓનો ભાઈ જગદીશ આ ઈકકો ગાડી તેમના માલિક કહે તે જગ્યા ઉપર ફેરવતા હતા. તેઓનો ભાઈ તેની ઈકકો ગાડી લઈને સવારે આઠ વાગે નીકળતો અને સાંજે સાતેક વાગે પરત ઘરે આવતો હતો. બનાવ તા.૨૪/૦૩/ ૨૦૨૨ ના રોજ બનેલો. બનાવના દિવસે સવારે તેઓના

ભાઈ તેની ઈકકો ગાડી લઈને ઘરે થી નીકળેલ. તેઓના ભાઈ સાંજે સાતેક વાગે ઘરે પરત ન આવતા તેઓએ તેને તેના મોબાઈલ નં.૯૭૨૭૦૯૩૭૨૪ ઉપર ફોન કરેલો. તે સમયે તેનો ફોન સ્વીચ ઓફ આવેલો. ત્યારબાદ અંદાજે પોણા આઠે ભીખુભા સોઢા,દૈસરવાળાનો ફોન તેઓના ઉપર આવેલો અને તેઓને કહેલ કે, ''તમે ભીલોટ લીંબડકા વચ્ચે તમારા ભાઈનો અકસ્માત થયેલ છે ત્યાં આવી જાવ.'' તો તેઓ રાધનપુર હોઈ તેઓ તથા તેઓના મિત્ર નાથાભાઈ કાનજી ભાઈ કમાલપુરવાળા સ્થળ ઉપર જવા નીકળેલા. જઈને જોયુ તો આ બનાવ ભીલોટ લીંબડકા વચ્ચે બનેલ હતો. ઈકકો ગાડી સળગી રહેલી હતી તે સમયે ફાઈટર આવતા આગ બુઝાવેલી. તેમાં જોયુ તો તેઓના નાના ભાઈ જગદીશ દાઝી ગયેલી હાલત માં જોવા મળેલ. ત્યાર બાદ તેની લાશને તેઓએ રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે લઈ આવેલા. જયાં અકસ્માત બનેલ તે સમયે એક ડાલુ હતુ જેનો નં.જીજે.૦૮.એયુ. ૩૭૪૨ નો હતો. જે ડાલુ ઈકકો ગાડીને ટકકર મારી ઈકકો ની સાઈડ માં પડેલુ હતુ. આ જોયા બાદ તેઓ રાધનપુર રેફકલ હોસ્પિટલ માં તેઓના ભાઈને લાવેલા. ત્યાં ડોકટર સાહેબે પી.એમ.કરેલુ અને તેઓના ભાઈને મરણ જાહેર કરતાં લાશ તેઓ અંતિમ વિધિ માટે ઘરે લઈ ગયેલા અને અંતિમવિધિ કરેલી. આમ,ઉપરોકત ડાલા ચાલકે ગફલતભરી રીતે પુરઝડપે તેઓના ભાઈની ઈકકોને ટકકર મારી તે ઈકકો માં આગ લાગી તેઓના ભાઈ મરણ ગયેલ હોઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેઓએ ફરીયાદ આપેલ. તેઓને ફરીયાદની અસલ બતાવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે ફરીયાદ આંક–૧૦ થી રજુ કરે છે. તેઓની ફરીયાદમાં એવુ લખેલ છે કે, ''મારો ભાઈ સાંજે આઠ વાગે ઘરે આવતો હતો'' પરંતુ હકીકતમાં તેઓના ભાઈ સાંજે સાત વાગે ઘરે પરત આવતા હતા. આ અકસ્માત કરનાર ડાલાના ચાલક નું નામ શંકરભાઈ છે તેનુ પુરુ નામ તેઓને આવડતુ નથી જેને જોયેથી પણ ઓળખી શકે. જે આજ રોજ નામ. કોર્ટ માં હાજર નથી. આરોપીનો હાજરી મુકિત રીપોર્ટ હોઈ આરોપીના વિ.વ.શ્રીએ ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટ તપાસ માં ફરીયાદી એ જણાવેલ છે કે, તેઓએ અકસ્માત થતાં નજરો નજર જોયેલુ નથી. સાહેદ જણાવે છે કે, અકસ્માત થતા બાદ પાંચ–સાત મીનીટ માં તેઓ પહોંચી ગયા હતા અને ડાલુ ઈકકો ગાડીની નજીક પડયું હતુ અને ઈકકો ગાડી સળગતી હતી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ તેઓના ભાઈને કેટલા વાગે ફોન કર્યો હતો તે સમય તેઓની ફરીયાદમાં લખાવેલ નથી. ભીખુભાઈએ તેઓને કયા મોબાઈલ નંબર ઉપરથી

ફોન કર્યો તે નંબર મોઢે યાદ નથી. જોઈને કહી શકે. ભીખુભાઈએ તેઓને જે મોબાઈલ નંબર ઉપર થી ફોન કરેલો તે નંબર તેઓએ તેઓની ફરીયાદમાં લખાવેલુ નથી. તેઓએ આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૭) ફરીયાદપક્ષે પંચ **સાહેદ નં.૨** વિષ્ણુભાઈ રઘુભાઈ ઠાકોરને આંક−૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, આજથી બે એક વર્ષ અગાઉ તારીખ પાકી યાદ નથી પરંતુ ૨૪ કે ૨૫ હતી, ત્રીજો મહીનો હતો, ૨૦૨૨ નો વર્ષ હતો. તે દિવસે તેઓ અને શંકરભાઈ મનજીભાઈ બે જણા બાઈક લઈને રાધનપુરથી ભીલોટ ત્રણ રસ્તાથી લીંબડકા તરફ જતા હતા ત્યારે રસ્તામાં એક અકસ્માત થયેલો હતો ત્યાં પોલીસે તેઓને મળેલી અને કહેલુ કે રાધનપુર ખાતે એક ફરીયાદ નોંધાયેલી છે તેનુ પંચનામુ કરવાનું છે તેવી સમજ કરતા તેઓ પંચોએ સ્વખુશી બતાવેલી. સમય તેઓને યાદ નથી. અંદાજે ૧૧−૧૨ વાગ્યાનો સમય હતો. ભીલોટ ચોકડીથી આશરે સાત−આઠ કીલોમીટર દુર અકસ્માતવાળી જગ્યા હતી. આ જગ્યા ઉપર એક પીકઅપ ડાલુ અને ઈકકો અકસ્માત થયેલી હાલતમાં પડેલા હતા. જેમાં ઈકકો ગાડીનો નં.જીજે.૨૪.એએ.૧૫૭૩ નો હતો. તેમજ પીકઅપ ડાલાનો નં.જીજે.૦૮.એયુ.૩૭૪૨ નો હતો. (નોંધ−આ તબકકે સાહેદની નજર એપીપીશ્રીની ફાઈલ તરફ હતી જેઓને ફાઈલ તરફ જોતાં રોકવામાં આવેલ છે.) બનાવ ના સ્થળ ઉપર ઈકકો ગાડી સળગેલી હાલતમાં પડેલ હતી. ઈકકો ગાડી આખી સળગેલી હતી અને ડાલાનો આગળનો ભાગ તુટી ગયેલ હાલતમાં હતો અને ડાલુ સફેદ કલરનું હતુ. દિશાઓ યાદ આવતી નથી. અકસ્માતવાળી જગ્યાની ઉત્તર અને દક્ષિણે ખેતરો આવેલુ છે. પુર્વ પશ્ચિમે ભીલોટથી સુઈગામ તરફનો હાઈવે રોડ છે. આ પંચનામુ તેઓ પોલીસને લખાવેલુ અને પોલીસે લખેલુ. તેઓને પંચનામુ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે પંચનામાને આંક−૧૪ થી રજુ કરેલ છે.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તેઓ પત્રકાર તરીકે જોબ કરે છે અને પત્રકારનું લાયસન્સ પણ ધરાવે છે. એ વાતનો તેઓને ખ્યાલ નથી કે, ફરીયાદી પણ પત્રકાર છે. સાહેદ જણાવે છે કે, ફરીયાદી નાનજીભાઈ એડવોકેટ છે તે ખબર છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ અને ફરીયાદી નાનજીભાઈ એક જ કોમ ના છે. પત્રકાર તરીકે તેઓને અવાર નવાર પોલીસ સ્ટેશને જવાનુ થાય છે. એ વાત તેઓને ખ્યાલ નથી કે, કહેવાતા

ગુનાવાળી જગ્યાનુ પંચનામામાં ગુના રજીસ્ટર નંબર શુ લખેલ હતુ. તેઓએ આ સિવાય અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૮) ફરીયાદપક્ષે **સાહેદ નં.૩** ઈશ્વરભાઈ મફાભાઈ પ્રજાપતિને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાની માં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૨ માં બનેલો. બનાવ ના બીજા દિવસે સવારે તેઓ તેઓના ખેતરે ગયેલા ત્યારે તેઓને વાતો વાતથી જાણવા મળેલુ કે અહીયા ગઈ કાલે એક અકસ્માત થયેલુ. તેઓએ તેઓના ખેતર ની બાજુ માં રોડ ઉપર એક ઈકકો ગાડી અને એક ડાલુ અકસ્માત થયેલ હાલત માં પડેલુ જોયેલુ. આ ઈકકો ગાડી કે ડાલા નું નંબર તેઓને હાલ યાદ નથી. આ સિવાય અકસ્માત વિશે તેઓ બીજુ કંઈ જાણતા નથી. પોલીસે તેઓનુ નિવેદન લીધેલુ કે કેમ તે તેઓને હાલ યાદ નથી. આ સાહેદ ફરીયાદપક્ષ ના કેસ ની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિગતવાર ઉલટ તપાસ માં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટ તપાસ માં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ વિશે તેઓએ વાતોવાત થી જાણેલુ. ઈકકો ગાડી તથા પીકઅપ ડાલા નો નંબર તેઓને હાલ યાદ નથી.

(૯) ફરીયાદપક્ષે પંચ **સાહેદ નં.૪** શંકરભાઈ મનજીભાઈ નિ.ઠાકોરને આંક–૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ તેઓ અને વિષ્ણુભાઈ બાઈક લઈને રાધનપુરથી ભીલોટ જતા હતા ત્યારે ભીલોટથી આગળ સુઈગામ રોડ ઉપર પોલીસને બે ગાડી પડેલી હતી જે પોલીસે તેઓને રોકેલા અને તેઓને કહેલુ કે ભીલોટથી આગળ એકસીડેન્ટ થયેલુ છે અને તેનુ પંચનામુ કરવાનુ છે તો તેઓ પંચમાં રહેશે જેથી તેઓએ અને વિષ્ણુભાઈએ હા પાડેલી. આ સમય સાંજનો ચાર–પાંચ વાગ્યાનો હતો. તેઓ પંચો જયારે પોલીસ સાથે સ્થળ ઉપર ગયેલા ત્યારે સ્થળ ઉપર અકસ્માત થયેલ ગાડીઓ પડેલી હતી જેમાં ઈકકો સળગેલી હાલતમાં પડેલી હતી અને ડાલુ સાઈડમાં પડેલુ હતુ. આ ડાલુ સફેદ કલરનું હતુ. તેઓ જે જગ્યાએ પંચનામુ કરવા ગયેલા તે અકસ્માતવાળી જગ્યાની આજુબાજુ પટેલો ના ખેતરો હતા. જે અંગેનું પોલીસે પંચનામુ લખેલુ. તેઓને આંક–૧૪ વાળુ

પંચનામુ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. તેઓએ આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તેઓ તેઓના સમાજ ના આગેવાન છે. તેઓ નાનજીભાઈ લીલાભાઈને ઓળખે છે. નાનજીભાઈ પત્રકાર તરીકે નો હોદ્દો ધરાવે છે. સ્થળ ઉપર જે પંચનામુ કરવા તેઓને બોલાવેલા તે પંચનામાની વિગતે ગુના રજીસ્ટર નંબર અને કઈ કલમો હતી તે તેઓને ખબર નથી. પોલીસે એક લખેલા પંચનામા માં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી.

**(૧૦)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૫** વજાભાઈ રણછોડભાઈ પટેલને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ સને ૨૦૨૨ માં બનેલો. અકસ્માતનો બનાવ તેઓના ખેતરની બાજુમાં બનેલો પરંતુ અકસ્માતમાં સંડોવાયેલા વાહનોના નંબર કે તેમના ડ્રાઈવરની તેઓને માહિતી નથી. તેઓએ તેઓનું નિવેદન નોંધાવેલ. આરોપીને તેઓ ઓળખતા નથી. આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગીમાંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિગતવાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

આ સાહેદની આરોપીપક્ષે વિ.વકીલશ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૬** ભરતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ સને ૨૦૨૨ માં બનેલો. અકસ્માતનો બનાવ તેઓના ખેતરની બાજુમાં બનેલો પરંતુ અકસ્માતમાં સંડોવાયેલા વાહનોના નંબર કે તેમના ડ્રાઈવરની તેઓને માહિતી નથી. તેઓએ તેઓનું નિવેદન નોંધાવેલ. આરોપીને તેઓ ઓળખતા નથી. આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિગતવાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

આ સાહેદની આરોપીપક્ષે વિ.વકીલશ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૭** નટવરભાઈ દલસુખરામ વ્યાસને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ના વર્ષમાં તેઓની ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩ હતી. તેઓની આ ગાડી ઉપર ડ્રાઈવર તરીકે જગદીશભાઈ લીલાભાઈ ઠાકોર રહેવાસી ઘરવડીના હતા. તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ ભીલોટ પાટીયાથી આગળ લીમડકા તરફ રોડ ઉપર જતા પીકઅપ ડાલા તથા તેઓની આ ઈકો ગાડી વચ્ચે અકસ્માત થયેલ તેમાં તેઓની ઈકો ગાડી સળગી ગયેલ. આ બનાવમાં ઈકો ગાડીના ડ્રાઈવર જગદીશભાઈ પણ સળગી જતા મરી ગયેલ. જગદીશભાઈ બનાવના આગલા દિવસે તેઓની આ ઈકો ગાડી અંગત કામે જરૂરત હોવાનું જણાવી લઈ ગયેલ. બનાવ રાત્રેના આઠ વાગે બનેલ તેઓને જાણવા મળતા તે રાત્રીએ ૧૧ વાગે તેઓએ બનાવ સ્થળે પહોચેલ ત્યાં તેઓની ઈકો ગાડી સળગી ગયેલ પડી હતી. ઈકોના ચાલક જગદીશભાઈને સારવાર માટે લઈ ગયેલાનું જાણવા મળેલ. એક પીકઅપ ડાલુ કે જેનો નંબર હાલ તેઓને યાદ નથી તે સ્થળ ઉપર નુકસાન ગ્રસ્ત હાલતમાં આડુ પડેલ હતુ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૩)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૮** સીતાબેન લીલાભાઈ ઠાકોરને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓના દિકરા જગદીશભાઈ ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩ લઈ સવારના ઘરેથી નીકળેલ અને તે દિવસે સાંજના સમયે તેઓના દિકરાની ગાડીને ભીલોટથી લીમડકા રોડ ઉપર પીકઅપ ડાલાની સાથે એકસીડેન્ટ થયેલાનુ તથા આ બનાવમાં તેઓનો દિકરો ગુજરી ગયેલાનુ તેઓએ જાણેલ. ત્યારબાદ તેઓના દિકરાની લાશને ઘરવડી ગામે લાવેલ અને અગ્ની સંસ્કાર કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૪)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૯** પારૂબેન નાનજીભાઈ ઠાકોરને આંક–૪૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓના દિયર જગદીશભાઈ ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩

લઈ સવારના ઘરેથી નીકળેલ અને તે દિવસે સાંજના સમયે તેઓના દિયરની ગાડીને ભીલોટથી લીમડકા રોડ ઉપર પીકઅપ ડાલાની સાથે એકસીડેન્ટ થયેલાનુ તથા આ બનાવમાં તેઓના દિયર ગુજરી ગયેલાનુ તેઓએ જાણેલ. ત્યારબાદ તેઓના દિયરની લાશને ઘરવડી ગામે લાવેલ અને અગ્ની સંસ્કાર કરેલ. આ બનાવની તેઓના પતિએ પોલીસમાં ફરીયાદ કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૦** ગલાલબેન પોપટભાઈ ઠાકોરને આંક–૪૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓના દિયર જગદીશભાઈ ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩ લઈ સવારના ઘરેથી નીકળેલ અને તે દિવસે સાંજના સમયે તેઓના દિયરની ગાડીને ભીલોટથી લીમડકા રોડ ઉપર પીકઅપ ડાલાની સાથે એકસીડેન્ટ થયેલાનુ તથા આ બનાવમાં તેઓના દિયર ગુજરી ગયેલાનુ તેઓએ જાણેલ. ત્યારબાદ તેઓના દિયરની લાશને ઘરવડી ગામે લાવેલ અને અગ્ની સંસ્કાર કરેલ. આ બનાવની તેઓના જેઠ નાનજીભાઈએ પોલીસમાં ફરીયાદ કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૧** સંગીતાબેન ભીખાભાઈ ઠાકોરને આંક–૪૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓના દિયર જગદીશભાઈ ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩ લઈ સવારના ઘરેથી નીકળેલ અને તે દિવસે સાંજના સમયે તેઓના દિયરની ગાડીને ભીલોટથી લીમડકા રોડ ઉપર પીકઅપ ડાલાની સાથે એકસીડેન્ટ થયેલાનુ તથા આ બનાવમાં તેઓના દિયર ગુજરી ગયેલાનુ તેઓએ જાણેલ. ત્યારબાદ તેઓના દિયરની લાશને ઘરવડી ગામે લાવેલ અને અગ્ની સંસ્કાર કરેલ. આ બનાવની તેઓના જેઠ નાનજીભાઈએ પોલીસમાં ફરીયાદ કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૨** પોપટભાઈ લીલાભાઈ ઠાકોરને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓના નાનાભાઈ જગદીશભાઈ ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩ લઈ સવારના ઘરેથી નીકળેલ અને તે દિવસે સાંજના સમયે તેઓના ભાઈની ગાડીને ભીલોટથી લીમડકા રોડ ઉપર પીકઅપ ડાલાની સાથે એકસીડેન્ટ થયેલાનુ વાતો વાતથી જાણેલ તેથી તેઓ સ્થળ ઉપર ગયેલ. જયાં તેઓના ભાઈની ઈકો ગાડી તથા એક પીકઅપ ડાલુ કે જેનો નંબર તેઓને યાદ નથી તે અકસ્માત ગ્રસ્ત હાલતમાં પડેલ હતા. ઈકો ગાડી સળગતી હતી તેમાં તેઓના ભાઈ જગદીશ હતા. ત્યારબાદ સ્થળ ઉપર ભેગા થયેલ માણસોએ આગ ઓલવવાનો પ્રયત્ન કરેલ પરંતુ તેઓનો ભાઈ બળી ગયેલ. ત્યારબાદ પોલીસ આવતા તેઓના ભાઈની લાશને પી.એમ. કરાવી ધરવડી ગામે લઈ જઈ અગ્ની સંસ્કાર કરેલ. આ બનાવની તેઓના મોટા ભાઈ નાનજીભાઈએ પોલીસમાં ફરીયાદ કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૩** ભીખાભાઈ લીલાભાઈ ઠાકોરને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓના નાનાભાઈ જગદીશભાઈ ઈકો ગાડી નં.જીજે ૨૪ એએ ૧૫૭૩ લઈ સવારના ઘરેથી નીકળેલ અને તે દિવસે સાંજના સમયે તેઓના ભાઈની ગાડીને ભીલોટથી લીમડકા રોડ ઉપર પીકઅપ ડાલાની સાથે એકસીડેન્ટ થયેલાનુ વાતો વાતથી જાણેલ તેથી તેઓ સ્થળ ઉપર ગયેલ. જયાં તેઓના ભાઈની ઈકો ગાડી તથા એક પીકઅપ ડાલુ કે જેનો નંબર તેઓને યાદ નથી તે અકસ્માત ગ્રસ્ત હાલતમાં પડેલ હતા. ઈકો ગાડી સળગતી હતી તેમાં તેઓના ભાઈ જગદીશ હતા. ત્યારબાદ સ્થળ ઉપર ભેગા થયેલ માણસોએ આગ ઓલવવાનો પ્રયત્ન કરેલ પરંતુ તેઓના ભાઈ બળી ગયેલ. ત્યારબાદ પોલીસ આવતા તેઓના ભાઈની લાશને પી.એમ. કરાવી ધરવડી ગામે લઈ જઈ અગ્ની સંસ્કાર કરેલ. આ બનાવની તેઓના મોટા

ભાઈ નાનજીભાઈએ પોલીસમાં ફરીયાદ કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૯)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૪** રેખાબેન જગદીશભાઈ ઠાકોરને આંક–૪૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ યાદ નથી પરંતુ ત્રણ વર્ષ અગાઉ તેઓના પતિ જગદીશભાઈ સવારના ૮ વાગ્યે ઈકકો ગાડી લઈ નીકળેલ. તેઓ ઘરવડી ગામે હતા. તે દિવસે સાંજના તેઓને જાણવા મળેલ કે, તેઓના પતિની ગાડીને ભિલોટ અને લિંબડકા વચ્ચે અકસ્માત થયેલ છે અને તેમાં તેઓના પતિ ગુજરી ગયેલ છે. અકસ્માત કેવી રીતે થયેલ તથા કોણે કરેલ તે તેઓ જાણતા નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૨૦)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૫** ત.ક.અધિકારી હિતેશકુમાર વાઘાભાઈ ચૌધરીને આંક–૫૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ તેઓ પો.સ.ઈ તરીકે રાધનપુર પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા.આ દિવસે પી. એસ. ઓ. એ હે.કો. મેરાજભાઈ સેંધાભાઈ રૂબરૂ નું ફરીયાદી નામે નાનજીભાઈ લીલાભાઈ ઠાકોર નું ફરીયાદ નિવેદન ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૨૦૩૯૯ ઈ.પી.કો. કલમ ૩૦૪(અ) વિ.મુજબ નોંધી તેની તપાસ તેઓને સુપરત કરેલ.તપાસ ના કામે બીજા દિવસે સાહેદ નાથભાઈ કાનજીભાઈ એ બતાવેલ જગ્યાનુ બે પંચો રૂબરૂ બનાવવાળી જગ્યા નુ પંચનામુ કરેલ. અકસ્માત માં મરણ જનાર જગદીશભાઈ લીલાભાઈ ઠાકોરની લાશનુ રાધનપુર સિવિલ હોસ્પીટલ માં બે પંચો રૂબરૂ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ ઈન્ક.પંચનામુ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ. તપાસ દરમિયાન ગુના માં મો.વ્હી.એકટની કલમ–૩, ૧૮૧, ૧૯૬ મુજબ ઉમેરો થતો હોય તે મતલબનો રિપોર્ટ તા.૨૨/૦૫/ ૨૦૨૨ ના રોજ કરેલ. બનાવ સ્થળની મુલાકાત કરી તપાસ કરવા એફ.એસ.એલ. કચેરીને યાદી કરેલ તે અનુસંધાને એફ.એસ.એલ. ગાંધીનગરની ટીમ દવારા સ્થળ પરિક્ષણ અહેવાલ તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ જે પરિક્ષણ

અહેવાલ તપાસના કામે સામેલ રાખેલ. એફ.એસ.એલ. ને કરેલ યાદી રજુ કરે છે જેમાં તેઓની સહી છે જે રજુ દાખલ આંક–૫૪ એફ.એસ.એલ. ટીમ દવારા કરવામાં આવેલ સ્થળ પરિક્ષણ અહેવાલ અસલ રજુ કરે છે જેમા સાયન્ટીફીક ઓફીસરની સહી છે જે રજુ દાખલ આંક–૫૫ આર.ટી.ઓ. પાટણને તથા સ્ટેટ હાઈવે ઓથોરીટીને ગુનાવાળી જગ્યાની મુલાકાત કરવા યાદી કરેલ જે યાદી અનુ.જાવક નં.૧૬૬૮/૨૦૨૨ તા.૨૬/૦૩/૨૦૨૨ તથા જા.નં.૧૬૨૯/૨૦૨૨ તા. ૨૬/૦૩/૨૦૨૨ અસલ રજુ કરે છે જે નીચે તેઓની સહી છે જે અનુક્રમે દાખલ આંક–૫૬ તથા ૫૭ આપવામાં આવેલ છે આ યાદી સંદર્ભે સંયુકત તપાસણી અહેવાલ પાઠવવામાં આવેલ જે તપાસના કામે સામેલ રાખેલ આ અહેવાલ રજુ કરે છે જેમાં આર.ટી.ઓ. અધિકારી તથા આર એન્ડ બી અધિકારીની તથા તેઓની સહી છે જે રજુ દાખલ આંક–૫૮ અકસ્માતમાં મરણ જનાર ની લાશ ની પી.એમ. નોટ રાધનપુર રેફરલ હોસ્પીટલ માં થી મેળવેલ જે અસલ પી.એમ. નોટ આંક–૫૯ થી રજુ કરેલ છે પી.એસ.ઓ. તરફ થી આપવામાં આવેલ ડેપ્યુટ હુકમ તા.૨૫/ ૦૩ /૨૦૨૨ જેમાં પી.એસ.ઓ. દીલીપસીંહ કાથુજીની સહી હોવાનુ જણાવી આંક ૬૦ થી રજુ કરેલ છે આ બનાવ માં ઈજા પામનાર શંકરભાઈ વાલાભાઈ ઠાકોર ની ઈજા તથા સારવાર નું હર્ષ હોસ્પીટલ પાટણ થી સર્ટીફીકેટ મેળવેલ જે અસલ સર્ટીફીકેટ આંક ૬૧ રજુ કરેલ છે અકસ્માત માં સંડોવાયેલ વાહન નં.જી.જે ૦૮ એ.યુ ૩૭૪૨ તથા જી.જે.૨૪ એ.એ.૧૫૭૩ નુ આર.ટી. ઓ.ઈન્સ.દવારા ઈન્સ્પેકશન કરવામાં આવેલ જે ફોર્મ આંક ૬૨ તથા ૬૩ થી રજુ કરેલ છે આક્ષેપીત બનાવ માં આરોપી શંકરભાઈ વાલાભાઈ ઠાકોરની સંડોવણી ફલીત થતા તા.૨૧/ ૦૫/૨૦૨૨ ના રોજ અટક કરી જામીન મુકત કરેલ. તપાસના અંતે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે. આરોપીને તેઓ ઓળખે છે આજે કોર્ટમાં હાજર નથી.

જયારે આરોપીપક્ષે કરવામાં ઉલટતપાસમાં ત.ક.અધિકારીએ જણાવેલ છે કે, બનાવવાળી જગ્યા રાધનપુર થી સુઈગામ તરફ જતા હાઈ–વે ઉપર આવેલ. આ હાઈવે ઉપર વાહનો તથા માણસોની અવર જવર રહે છે. આ તપાસના કામે જે તટસ્થ સાહેદો ના નિવેદન લીધેલ તે પૈકી ભીખાભાઈ લીલાભાઈ પોપટભાઈ લીલાભાઈ, સંગીતાબેન ભીખાભાઈ, ગલાલબેન પોપટભાઈ, પારુબેન નાનજીભાઈ અને સીતાબેન લીલાભાઈ જેઓ ફરીયાદી ના કુંટુબી જનો છે. તેઓએ આ સિવાય બચાવપક્ષ ની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

**(૨૧)**આમ ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો જોતાં **સાહેદ નં.૧** ફરીયાદી નાનજીભાઈ લીલાભાઈ નિ. ઠાકોર અકસ્માતવાળા બનાવ માં મરણ જનાર નાભાઈ છે તેઓએ પુરાવો આપેલ છે કે–જગદીશભાઈ ડ્રાઈવીંગ નું કામ કરતા હતા.તે ઈકકો ગાડી નં. જી.જે. ૨૪ એલ.એલ.૧૫૭૩ હારીજ તાલુકા ના વાઘેલ ગામના નટવરભાઈ ની હતી તેમાં નોકરી કરતા હતા. બનાવ તા.૨૪/૦૩/ ૨૦૨૨ ના રોજ બનેલો. બનાવના દિવસે સવારે તેઓના ભાઈ તેની ઈકકો ગાડી લઈને ઘરે થી નીકળેલ. તેઓના ભાઈ સાંજે સાતેક વાગે ઘરે પરત ન આવતા તેઓએ તેને તેના મોબાઈલ નં.૯૭૨૭૦૯૩૭૨૪ ઉપર ફોન કરેલો. તે સમયે તેનો ફોન સ્વીચ ઓફ આવેલો. ત્યારબાદ અંદાજે પોણા આઠે ભીખુભા સોઢા,દૈસરવાળાનો ફોન તેઓના ઉપર આવેલો અને તેઓને કહેલ કે, ''તમે ભીલોટ લીંબડકા વચ્ચે તમારા ભાઈનો અકસ્માત થયેલ છે ત્યાં આવી જાવ.'' તો તેઓ રાધનપુર હોઈ તેઓ તથા તેઓના મિત્ર નાથાભાઈ કાનજી ભાઈ કમાલપુરવાળા સ્થળ ઉપર જવા નીકળેલા. જઈને જોયુ તો આ બનાવ ભીલોટ લીંબડકા વચ્ચે બનેલ હતો. ઈકકો ગાડી સળગી રહેલી હતી તે સમયે ફાઈટર આવતા આગ બુઝાવેલી. તેમાં જોયુ તો તેઓના નાના ભાઈ જગદીશ દાઝી ગયેલી હાલત માં જોવા મળેલ. જયાં અકસ્માત બનેલ તે સમયે એક ડાલુ હતુ જેનો નં.જીજે.૦૮.એયુ. ૩૭૪૨ નો હતો. જે ડાલુ ઈકકો ગાડીને ટકકર મારી ઈકકો ની સાઈડ માં પડેલુ હતુ તથા ઉલટ તપાસ માં જણાવેલ છે કે, તેઓએ અકસ્માત થતાં નજરો નજર જોયેલુ નથી. તે જ રીતે **સાહેદ નં.૩** ઈશ્વરભાઈ મફાભાઈ પ્ર જા પતિ ના પુરાવો જોતાં બનાવ ના બીજા દિવસે સવારે તેઓના ખેતર ની બાજુ માં રોડ ઉપર એક ઈકકો ગાડી અને એક ડાલુ અકસ્માત થયેલ હાલત માં પડેલુ જોયેલાનો પુરાવો આપી ઉલટ તપાસ માં બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ વિશે તેઓએ વાતોવાત થી જાણેલા નુ સ્વીકારેલ છે તે જ રીતે **સાહેદ નં.૫** વજાભાઈ રણછોડભાઈ પટેલ એ જુબાનીમાં જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓના ખેતરની બાજુમાં બનેલો પરંતુ અકસ્માતમાં સંડોવાયેલા વાહનોના નંબર કે તેમના ડ્રાઈવરની તેઓને માહિતી નથી. તેઓએ તેઓનું નિવેદન નોંધાવેલ. આરોપી ને તેઓ ઓળખતા નથી. તે જ રીતે **સાહેદ નં.૬** ભરતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા એ જુબાની માં જણાવેલ છે કે– અકસ્માતનો બનાવ તેઓના ખેતરની બાજુમાં બનેલો પરંતુ અકસ્માત માં સંડોવાયેલા વાહનોના નંબર કે તેમના ડ્રાઈવરની તેઓને માહિતી નથી. તે જ રીતે **સાહેદ નં.૭** નટવરભાઈ દલસુખરામ વ્યાસ એ જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ના વર્ષમાં તેઓની ઈકો ગાડી નં.જીજે ૨૪ એ.એ.૧૫૭૩ હતી. તેઓની આ ગાડી ઉપર ડ્રાઈવર

તરીકે જગદીશ ભાઈ લીલાભાઈ ઠાકોર રહેવાસી ધરવડીના હતા. તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ ભીલોટ પાટીયાથી આગળ લીમડકા તરફ રોડ ઉપર જતા પીકઅપ ડાલા તથા તેઓની આ ઈકો ગાડી વચ્ચે અકસ્માત થયેલ તેમાં તેઓની ઈકો ગાડી સળગી ગયેલ. આ બનાવમાં ઈકો ગાડીના ડ્રાઈવર જગદીશભાઈ પણ સળગી જતા મરી ગયેલ. જગદીશભાઈ બનાવ ના આગલા દિવસે તેઓની આ ઈકો ગાડી અંગત કામે જરૂરત હોવાનું જણાવી લઈ ગયેલ. બનાવ રાત્રેના આઠ વાગે બનેલ તેઓને જાણવા મળતા તે રાત્રીએ ૧૧ વાગે તેઓએ બનાવ સ્થળે પહોચેલ ત્યાં તેઓની ઈકો ગાડી સળગી ગયેલ પડી હતી. એક પીકઅપ ડાલુ કે જેનો નંબર હાલ તેઓને યાદ નથી તે સ્થળ ઉપર નુકસાન ગ્રસ્ત હાલત માં આડુ પડેલ હતુ તથા ઉલટ તપાસ માં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે જ રીતે **સાહેદ નં.૮** સીતાબેન લીલાભાઈ ઠાકોર તથા **સાહેદ નં.૯** પારૂબેન નાનજીભાઈ ઠાકોર તથા **સાહેદ નં.૧૦** ગલાલબેન પોપટભાઈ ઠાકોર **તથા સાહેદ નં.૧૧** સંગીતાબેન ભીખાભાઈ ઠાકોર તથા **સાહેદ નં.૧૨** પોપટ ભાઈ લીલાભાઈ ઠાકોર તથા **સાહેદ નં.૧૩** ભીખાભાઈ લીલાભાઈ ઠાકોર તથા **સાહેદ નં.૧૪** રેખાબેન જગદીશભાઈ ઠાકોર કે જેઓ અકસ્માતવાળા બનાવ માં મરણ જનાર ના સગા ઓ છે તેઓનો પુરાવો જોતાં બનાવ ના નજરે જોનાર સાહેદો નથી તથા આ તમામ સાહેદો એ તેઓની ઉલટ તપાસ માં સ્વીકૃત કરેલ છે કે–અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ ઉપરોકત તમામ સાહેદ તે બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી આ સાહેદોનો પુરાવો આક્ષેપ તહોમત પુરવાર કરવા પર્યાપ્ત જણાતો નથી.

**(૨૨)** હવે પંચ **સાહેદ નં.૨** વિષ્ણુભાઈ રઘુભાઈ ઠાકોર નો પુરાવો જોવામાં આવે તો બે એક વર્ષ અગાઉ તારીખ પાકી યાદ નથી પરંતુ ૨૪ કે ૨૫ હતી, ત્રીજો મહીનો હતો, ૨૦૨૨ નો વર્ષ હતો. તે દિવસે તેઓ અને શંકરભાઈ મનજીભાઈ બે જણા બાઈક લઈને રાધનપુરથી ભીલોટ ત્રણ રસ્તાથી લીંબડકા તરફ જતા હતા ત્યારે રસ્તામાં એક અકસ્માત થયેલો હતો ત્યાં પોલીસે તેઓને મળેલી અને કહેલુ કે રાધનપુર ખાતે એક ફરીયાદ નોંધાયેલી છે તેનુ પંચનામુ કરવાનું છે તેવી સમજ કરતા તેઓ પંચોએ સ્વખુશી બતાવેલી. સમય તેઓને યાદ નથી. અંદાજે ૧૧–૧૨ વાગ્યા નો સમય હતો. ભીલોટ ચોકડીથી આશરે સાત–આઠ કીલોમીટર દુર અકસ્માતવાળી જગ્યા હતી. આ જગ્યા ઉપર એક પીકઅપ ડાલુ અને ઈકકો અકસ્માત થયેલી હાલતમાં પડેલા હતા.જેમાં ઈકકો ગાડીનો નં.જીજે.૨૪.એએ.૧૫૭૩ નો હતો. તેમજ પીકઅપ ડાલાનો નં.જી.જે. ૦૮.એયુ.૩૭૪૨ નો હતો. બનાવ ના સ્થળ ઉપર ઈકકો ગાડી સળગેલી હાલતમાં પડેલ હતી.

ઈકકો ગાડી આખી સળગેલી હતી અને ડાલાનો આગળનો ભાગ તુટી ગયેલ હાલતમાં હતો અને ડાલુ સફેદ કલરનું હતુ. દિશાઓ યાદ આવતી નથી. અકસ્માતવાળી જગ્યાની ઉત્તર અને દક્ષિણે ખેતરો આવેલુ છે. પુર્વ પશ્ચિમે ભીલોટથી સુઈગામ તરફ નો હાઈવે રોડ છે. આ પંચનામુ તેઓ પોલીસ ને લખાવેલુ અને પોલીસે લખેલુ. તેઓને પંચનામુ જોઈ તેમાં તેઓની સહી ઓળખી આંક–૧૪ થી રજુ કરેલ છે. તે જ રીતે **સાહેદ નં.૪** શંકરભાઈ મનજીભાઈ નિ.ઠાકોર એ તેઓના પુરાવા માં તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ તેઓ અને વિષ્ણુભાઈ બાઈક લઈને રાધન–પુર થી ભીલોટ જતા હતા ત્યારે ભીલોટ થી આગળ સુઈગામ રોડ ઉપર પોલીસને બે ગાડી પડેલી હતી જે પોલીસે તેઓને રોકેલા અને તેઓને કહેલુ કે ભીલોટથી આગળ એકસીડેન્ટ થયેલુ છે અને તેનુ પંચનામુ કરવાનુ છે તો તેઓ પંચમાં રહેશે જેથી તેઓએ અને વિષ્ણુભાઈએ હા પાડેલી. આ સમય સાંજનો ચાર–પાંચ વાગ્યાનો હતો. તેઓ પંચો જયારે પોલીસ સાથે સ્થળ ઉપર ગયેલા ત્યારે સ્થળ ઉપર અકસ્માત થયેલ ગાડીઓ પડેલી હતી જેમાં ઈકકો સળગેલી હાલતમાં પડેલી હતી અને ડાલુ સાઈડમાં પડેલુ હતુ.આ ડાલુ સફેદ કલરનું હતુ.તેઓ જે જગ્યાએ પંચનામુ કરવા ગયેલા તે અકસ્માતવાળી જગ્યા ની આજુબાજુ પટેલો ના ખેતરો હતા. જે અંગેનું પોલીસે પંચનામુ લખેલુ. તેઓને આંક ૧૪ વાળુ પંચનામુ જોઈ જેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તથા ઉલટ તપાસ માં વિરુધ્ધ ની તથા ખંડન કારક હકીકત ફલીત થતી નથી આમ પ્રોસીકયુશન તરફે આંક ૧૪ થી રજુ બનાવ સ્થળ નુ પંચ નામુ પુરવાર થાય છે અને તે ઉપર થી પોલીસ ધ્વારા કરવામાં આવેલ સ્થળ સ્થિતી ઉપર ની હકીકત સ્પષ્ટ થાય છે પરંતુ આ પંચનામા ઉપર થી આક્ષેપિત બનાવ માં મજકુર આરોપી ની સંડોવણી ફલીત કે પુરવાર થતી નથી.

**(૨૩)** આ સિવાય **સાહેદ નં.૧૫** તરીકે ત.ક.અધિકારી હિતેશકુમાર વાઘાભાઈ ચૌધરી નો પુરાવો રજુ થયેલ છે તથા આ પોલીસ અમલદાર ધ્વારા તેઓએ અનુસરેલ તપાસ કામગિરી ને અનુરુપ પુરાવો આપી આક્ષેપીત બનાવ માં આરોપી શંકરભાઈ વાલાભાઈ ઠાકોરની સંડોવણી ફલીત થતા તા.૨૧/ ૦૫/૨૦૨૨ ના રોજ અટક કરી જામીન મુકત કરેલ. તપાસના અંતે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે. પરંતુ પ્રોસીકયુશન તરફે રજુ લેખિત –મૌખિક પુરાવા જોતાં આક્ષેપિત બનાવ માં આરોપી ની સીધી કે આડકતરી રીતે સંડોવણી ફલીત કે પુરવાર થતી નથી તે જ રીતે તપાસ કરનાર અમલદાર એ ઉલટ તપાસ માં જણાવેલ છે કે,બનાવવાળી જગ્યા રાધનપુર થી સુઈગામ તરફ જતા હાઈ–વે ઉપર આવેલ. આ હાઈવે ઉપર વાહનો તથા માણસો ની અવર જવર રહે છે.આ તપાસ ના કામે જે તટસ્થ સાહેદો ના નિવેદન લીધેલ તે પૈકી ભીખા

ભાઈ લીલાભાઈ પોપટભાઈ લીલાભાઈ, સંગીતાબેન ભીખાભાઈ, ગલાલબેન પોપટભાઈ, પારુ બેન નાનજીભાઈ અને સીતાબેન લીલાભાઈ જેઓ ફરીયાદી ના કુંટુબીજનો છે.પરંતુ ઉપરોકત સાહેદો તે હીયર–સે હોવાનુ તેઓના પુરાવા ઉપર થી ફલીત થાય છે આમ આક્ષેપિત બનાવ માં ઈકકો ગાડી નંબર GJ-24-AA-1573 સળગી ગયેલ હલત માં તથા અશોક લેલન કંપની નું ડાલુ રજી નંબર GJ-08-AU-3742 નુકશાન ગ્રસ્ત હાલત માં સ્થળ ઉપર થી પંચનામા ની વિગતે નોંધવામાં આવેલાની હકીકત માત્ર પુરવાર થાય છે પરંતુ આક્ષેપિત બનાવ માં ઈકકો ગાડી નંબર GJ-24-AA-1573 ને અશોક લેલન કંપની ના ડાલા રજી નંબર GJ-08-AU-3742 ના ચાલક યાને આ કામ ના આરોપી ધ્વારા પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી ઈકકો ગાડી ને ટકકર મારતાં ઈકકો ગાડીમાં આગ લાગતા ઈકકો ગાડી ના ચાલક જગદિશ ભાઈ લીલાભાઈ ઠાકોર નું આગ લાગવા થી મૃત્યુ નિપજાવી ડાલુ મુકી નાશી ગયેલાની હકીકત ના કોઈ નજરે જોનાર સાહેદ નો પુરાવો રજુ થયેલ નથી તે જ રીતે આ બંને વાહનો પૈકી કયા વાહન ચાલક ની પુરઝડપ તથા બેદરકારી થી આ બનાવ બનેલ છે તે બાબત નો કોઈ નજરે જોનાર સાહદો નો પુરાવો રજુ થયેલ નથી તેથી તથા તપાસ હકીકત મુજબ જોવામાં આવે તો પણ અકસ્માત કરનાર અશોક લેલન કંપની ના ડાલા રજી નંબર GJ-08-AU-3742 ના ચાલક આ કામના આરોપી જ હતા તથા આ વાહન અકસ્માત સમયે આ કામના આરોપી જ ચલાવતા હતા તેવી હકીકત ફરીયાદ પક્ષ નિ:શંક પણે સાબિત કરી શકેલ નથી આમ આ કામના ફરીયાદીના ભાઈ મર્હુમ જગદીશભાઈ લીલાભાઈ ઠાકોર ની ઈકકો ગાડી નંબર GJ-24-AA-1573 ને તા.૨૪/૩/૨૦૨૨ ના રોજ રાત્રી ના આશરે આઠેક વાગ્યા ના અરસા માં ભીલોટ પાટીયા થી લીમ્બડકા જતા રોડ ઉપર આરોપી ના કબ્જા તથા હવાલા ના અશોક લેલન કંપની ના ડાલા રજી નંબર GJ-08-AU-3742 ના ચાલક આ કામના આરોપી એ પોતાનું ડાલુ પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી આવી ઈકકો ગાડી ને ટકકર મારી અકસ્માત કરતા જેથી ઈકકો ગાડીમાં આગ લાગતા ઈકકો ગાડી ના ચાલક જગદિશભાઈ લીલાભાઈ ઠાકોર નું આગ લાગવા થી મૃત્યુ નિપજાવી ડાલુ મુકી નાશી જઈ પો.સ્ટે.જાણ નહી કરી,આરોપીએ ઈ.પી. કોડ ની કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪,૩,૧૮૧,૧૯૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાની હકીકત નિ:શંક પણે સાબિત થયેલ ન હોય, આરોપી ને આક્ષેપિત ગુન્હા સબબ દોષિત ઠરાવી શકાય એમ ના હોઈ આથી મુદ્દા નં.૧ નો જવાબ નકાર માં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧)આ કામના આરોપી શંકરભાઈ વાલાભાઈ ઠાકોર, ઉ.વ.૪૫, રહે.ગામડી વિસ્તાર મોરવાડા, તા.સુઈગામ,જી.બનાસકાંઠાવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૪૮(૧)અન્વયે ઈ. પી.કોડ ની કલમ ૨૭૯,૩૦૪(અ)તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪,૩,૧૮૧ , ૧૯૬ મુજબ ના શિક્ષા પાત્ર ગુના માં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨)આ કામે મુદ્દામાલ પાવતી નં.૯૬/૨૦૨૨ માં જણાવ્યા મુજબનો કબજે કરેલ મુદ્દામાલ મુલ્ય વિહીન હોઈ તેનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૫,૦૦૦/– ના જામીન રજુ કરવા.

હુકમ આજ તા.૭/૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૩/૨૦૨૬

(દિલીપસિંહ માનસિંહ રાઠોડ)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર જીજે ០០૭૪૨